શ્રી કે. જે. પોલીટેક્નીક , ભરુચ ખાતે ‘ SSIP 2.0 Kickoff ’ નો કાર્યક્રમ યોજાયો.

ભરૂચ જિલ્લામાં આવેલ ભોલાવ ગામનાં સરપંચશ્રી પ્રતિનિધિ શ્રી જિતેન્દ્રભાઈ પરમાર ની ઉપસ્થિતિ માં શ્રી કે. જે. પોલીટેક્નીક , ભરુચ ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ રીસર્ચ એન્ડ ઈનોવેશન ફેસ્ટીવલ અંતગર્ત “SSIP 2.0 Kickoff ” કાર્યક્રમ યોજાયો હતો.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત બનાવવાના સપના પર યુવાનો ની ભૂમિકા ઉપર ભાર મુકતા શ્રી જિતેન્દ્રભાઈ પરમાર એ જણાવ્યુ કે સમસ્યાનું નિરાકરણ એ નવીનતા અને ઉદ્યોગસાહસિક પ્રવૃત્તિઓના કેન્દ્રમાં છે.SSIP યોજના આમાં ખૂબ મદદરુપ થઇ રહી છે. ઉપરાંત તેઓએ સૌ વિદ્યાર્થીઓ ને પૂરી નિષ્ઠા અને પ્રમાણિકતાથી અભ્યાસ કરી સમાજ માટે ઉપયોગી બનવા માટે અપીલ કરી હતી.

કાર્યક્રમ ના તજજ્ઞ ઉદ્યોગ નિષ્ણાત શ્રી એ. એચ. શાહ એ SSIP 2.0 યોજના વિશે વિસ્તૃત ચર્ચા કરતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં MSMEની વિશાળ શ્રેણી હોવાથી, વિવિધ વિષયોના વિદ્યાર્થીઓને તેમના મુદ્દાઓ અને તકો પર કામ કરવાની તક મળી શકે છે.

કાર્યક્રમ માં ઉપસ્થિત મહેમાન શ્રી બીનું કેશવાન એ એન્ટ્રેપ્રેન્યોરશીપ તથા સ્ટાર્ટઅપ અંગે વિદ્યાર્થીઓ ને માહિતગાર કર્યા હતા. શ્રી કે. જે. પોલીટેક્નીક ના આચાર્ય શૈલેન્દ્ર કુમાર મિસ્ત્રી એ સ્ટાર્ટઅપ યોજના નો ટૂંકો પરિચય આપી સમગ્ર કાર્યક્રમ ની શરૂઆત કરાવેલ.આ કાર્યક્રમ માં SSIP નો લાભ લેનાર વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો અને તેમના અનુભવ હાલ માં ભણતા વિદ્યાર્થીઓ સાથે વર્ણવ્યા હતા.

આ પ્રસંગે પોલીટેક્નીક સંસ્થા ના અધિકારી, કર્મચારી તથા તમામ વિધ્યાર્થીઓ હજાર રહ્યા હતા.

## ભરૂચ શ્રી કે. જે. પોલીટેક્નીક ખાતે 2.0 Kickoff નો કાર્યક્રમ યોજાયો



**ભરૂચ** | ભરૂચ જિલ્લામાં આવેલ ભોલાવ ગામનાં સરપંચ પ્રતિનિધિ જિતેન્દ્ર પરમારની ઉપસ્થિતિમાં કે. જે. પોલીટેક્નીક, ભરૂચ ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ રીસર્ચ એન્ડ ઈનોવેશન ફેસ્ટીવલ અંતગર્ત “SSIP 2.0 Kickoff ” કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત બનાવવાના સપના પર યુવાનોની ભૂમિકા ઉપર ભાર મુકતા જિતેન્દ્ર પરમાર એ જણાવ્યુ કે સમસ્યાનું નિરાકરણ એ નવીનતા અને ઉદ્યોગસાહસિક પ્રવૃત્તિઓના કેન્દ્રમાં છે. SSIP યોજના આમાં ખૂબ મદદરૂપ થઈ રહી છે. ઉપરાંત તેઓએ સૌ વિદ્યાર્થીઓ ને પૂરી નિષ્ઠા અને પ્રમાણિકતાથી અભ્યાસ કરી સમાજ માટે ઉપયોગી બનવા માટે અપીલ કરી હતી.